# ઉનાળાના આગમન સાથે માટલા ખડકાયા

## બજારોમાં ગરીબોનું ફ્રીઝ ગણાતા માટીના માટલા ગોઠવાયાઃ માટલાનું પાણી પીવાથી અનેક ફાયદા થાય છે.

ગાંધીનગર, તા.૫

ઉનાળા ની શરૂઆતમાં જ ગરમી નું પ્રમાણ અસહ્ય બન્યું છે ત્યારે ઉનાળાના પ્રારંભે જ બજારોમાં માટલા નું આગમન થયું છે.સેક્ટર ૨૧ માં ફૂટપાથ પર માટલા ગોઠવાઈ ગયા છે.ધીમે ધીમે તેની ખરીદી પણ આરંભાઈ જશે.

જમાનો ભલે ગમે તેટલો આધુનિક થાય પણ ઉનાળો આવતાની સાથે દેશી માટલાની બોલબાલામાં વધારો થાય છે. અને દેશી માટીની મહેક સાથે ફ્રિઝ જેવુ ઠંડુ પાણી આપતા માટલાની માંગ આજે પણ અકબંધ છે.

ઉનાળો આવે એટલે માટલાની બોલબાલા વધી જાય છે અને લોકો મોટા પ્રમાણમાં માટલા ખરીદી કરવા લાગી જાય છે. આમેય માટલાના પાણીથી તરસ જલ્દીથી છિપાઈ જતી હોય છે. તો કેટલાક માટલા વેચરનારને રોજગારી મળે એટલા માટે પણ ખરીદી કરતા હોય છે. તો ઘણા યુવકો પક્ષીઓને પાણી પીવડાવવા કુંડી ખરીદી કરતા જોવા મળ્યા હતા.

બજારમાં લાલ, સફેદ અને કાળા કલરના માટલા મળતા હોય છે. સાથે જ ડીઝાઈન અને ચકલીવાળા માટલાની ખરીદી લોકો વધુ પ્રમાણમાં કરતા હોય છે. આમતો બારેમાસ ચાલતા વેપારમાં ઉનાળામાં તેજી આવે છે.

કુદરતી રીતે ઠંડા પાણીના બદલે કૃત્રિમ રીતે ઠંડું થયેલું પાણી પીવાથી પેટમાં ગરબડ ઉભી થતી હોય છે. ત્યારે માટીમાંથી બનાવેલા માટલામાંથી પાણી પીવાથી



અનેક ફાયદા સાથે આરોગ્યની જાળવણી પણ થાય છે.માટલાનું પાણી માટીમાં રહેલા ક્ષારના ગુણની એસિડિટી સાથે પ્રભાવિત થઈ યોગ્ય ૐ સંતુલન પ્રદાન કરે છે.ફ્રિજનું ઠંડુ પાણી પીવાથી ગળાની કોશિકાઓનું તાપમાન અચાનક ઘટી જાય છે અને ગળું ખરાબ થાય છે. જ્યારે માટલાનું પાણી ગળાને સ્મૂથ રાખે છે.

માટલાનું પાણી ઠંડું રહેવા પાછળ બાષ્પીભવનની પ્રક્રિયા જવાબદાર છે. બાષ્પીભવન થવા માટે પ્રવાહીનું વરાળમાં રૂપાંતર થવું જરૂરી છે. આ માટે પ્રવાહીને ગરમી મળે તે પણ જરૂરી છે, પરંતુ માટલામાં ઠંડા પાણી રહે તે માટે કુદરતી રીતે થતી બાષ્પીભવનની પ્રક્રિયા જવાબદાર છે.

માટલું માટીમાંથી બનાવવામાં આવે છે. હવે માટીના કણો ભલે એકબીજા સાથે જોડાયેલાં હોય છતાંપણ માટલામાં સૂક્ષ્મછેદ રહેલાં હોય છે.

આ છેદને કારણે માટલામાં રહેલું પાણી શોષાય છે અને ત્યારબાદ આ પાણી બાષ્પીભવન પામવાની પ્રક્રિયા તરફ આગળ વધે છે. પરિણામે તે માટલાંને જે ગરમી અડે છે તે શોષી લે છે અને હવામાં બાષ્પીભવન પામે છે અને આ રીતે માટલાંને જે ગરમી અડે છે તે પાણી દ્વારા શોષાઈ જાય છે અને માટલામાં રાખેલું પાણી ગરમ નથી થતું. કાચના ગ્લાસમાં કે અન્ય કોઈ વાસણ કે જે માટીમાંથી ન બન્યું હોય તેમાં પાણી નૈર્સિગક રીતે ઠંડું નથી થતું કારણકે તેમાં કાણાં નથી હોતા.

દેશી માટલા બનાવવા માટે દુર દુર તળાવોમાંથી કાળી માટી લાવવામાં આવે છે. માટી કામ સાથે સંકળાયેલ પ્રજાપતિ પરિવારો પોતાના ચાકડા પર સરસ મજાના નાના અને મોટા કાચા માટલા ગડે છે.

કાચા માટલા ઘડાયા બાદ માટલાને ધગધગતા ભઠ્ઠામાં શેકવામાં આવે છે. જોકે આ માટલા ભઠ્ઠામાં શેકાયા બાદ તેને કલર એટેલે કે, રમજી લગાવવામાં આવે છે. ત્યારબાદ સરસ મજાના ઠંડા પીવાના માટલા તૈયાર થાય છે. જે આજના આધુનિક યુગમાં ફ્રીજ કરતા પણ ઠંડા પાણીનું તાપમાન જાળવી રાખે છે. આ પાણી નારિયેળના પાણી જેવું જ મીઠું લાગે છે. જે અનેક લોકોની તરસ છીપાવે છે, ત્યારે હાલ તો આ દેશી માટલા પ્રજાપતિ પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે.

# ફ્લિપકાર્ટ માર્કેટપ્લેસના વિક્રેતાઓને સશક્ત કરવા 'વ્યાપાર કા ત્યોહાર'નું આયોજન

## ફ્લિપકાર્ટ માર્કેટપ્લેસએ યોજેલી ઓન-ગ્રાઉન્ડ વિક્રેતા ઇવેન્ટમાં ૪૫૦થી વધુ વિક્રેતાઓએ ભાગ લીધો : વિક્રેતાઓને પ્રોત્સાહિત કર્યા અને તેમના વ્યવસાય સંબંધિત શ્રેષ્ઠતા હાંસિલ કરવાના ઉદ્દેશ્યને આગળ વધારતા કાર્યક્રમો અને લાભો રજૂ કર્યા



ગાંધીનગર, તા.૦૫

ભારતની ઓનલાઈન સેલ્સ બિઝનેસ કરતી ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ હોમગ્રોન માર્કેટપ્લેસે સફળતાપૂર્વક તેની સેલ્સ ઈવેન્ટ 'વ્યાપાર કા ત્યોહાર' પૂરો કર્યો છે, જે તેણે સુરતના વેચાણકર્તાઓ માટે યોજ્યો હતો, જેમાં તેમને પ્લેટફોર્મની આંતરિક બાબતો અને સેવાઓની વિગત આપીને બિઝનેસના વિકાસ માટેની પ્રાપ્ય તકો વિશે માહિતગાર કર્યા હતા. આ ઈવેન્ટમાં સુરતના ૪૫૦થી વધુ વિક્રેતાઓ હાજર રહ્યા હતા, જેમને ફ્લિપકાર્ટના આગેવાનો સાથે ચર્ચા કરવાનો મોકો પણ મળ્યો હતો અને તેમના બિઝનેસના વિકાસ માટે પ્લેટફોર્મ પર પ્રાપ્ય સહકાર અને ઓફરિંગને પણ રજૂ કર્યા હતા. આ પ્રોગ્રામએ સમગ્ર દેશમાં જયપુર, સુરત, મુંબઈ, નવી દિલ્હી, કોલકત્તા અને બેંગ્લોર જેવા શહેરોમાં ઓન-ગ્રાઉન્ડ વિક્રેતાને સાંકળતા પ્રોગ્રામની સિરિઝનો હિસ્સો છે. પ્રોગ્રામની મુખ્ય હાઈલાઈટ છે, ફ્લિપકાર્ટની મૂલ્ય-વર્ધિત સેવા ઓફરિંગ્સ, જે ઓન અને ઓફ પેજ ચર્ચા, વિક્રેતા વર્કશોપ, તાલિમ માળખાકિય સુવિધા તથા વેરહાઉસિંગ સપોર્ટથી લઈને ઝડપમાં વધારો, રિટર્ન વિનંતીમાં ઘટાડો, કાર્યકાળ નીક્ષમતા સહિતનો સમાવેશ થાય છે, જે સમગ્ર ભારતના વિક્રેતાઓને સમર્થ કરી ઈ-કોમર્સ ઈકોસિસ્ટમની વૃદ્ધિમાં તેનો ફાળો આપે છે. આ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ વ્યવસાયોને ફ્લિપકાર્ટની ઓફરનો વધુ સારી રીતે ઉપયોગ કરી મદદ કરવાનો છે, જેમાં ઈનસાઈટ ટૂલ્સ, 'બ્રાન્ડ પ્લસ'ની સમજણ વિશે તેમના ગ્રાહકોને જાગૃતતા ફેલાવી અને સુસંગતતા જાળવવાની છે



ગાંધીનગર શહેરમાં વેપાર ધંધો કરવા અલગ અલગ પ્રાંતમાંથી વેપારીઓ આવે છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી યુપીથી આવેલા વેપારીઓએ અડ્ડો જમાવ્યો છે. ડેકોરેટીવ આઈટમ્સથીલઈને રમકડાં સુધીનો ખજાનો તેમની પાસે જોવા મળી જાય છે.



શહેરના મુખ્ય માર્ગોની આસપાસ રાહદારીઓની સરળતા માટે ફુટપાથ બનાવવામાં આવી છે પરંતુ અવારનવાર આ ફુટપાથ પર બેરીકેટસ મુકી દેવાય છે. રાહદારીઓને અડચણરૂપ બને તે રીતે મુકવામાં આવેલા બેરીકેટસ કયારેક પરેશાની ઉભી કરે છે.

# વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં યાદે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૫

વેદ સરગાસણ સ્કૂલ દ્વારા એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો જેમાં શાળાના સાયન્સ વિભાગ, કોમર્સ વિભાગ અને આર્ટ્સ વિભાગના ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને બેન્ડબાજા દ્વારા તિલક ચંદન કરી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ટ્રસ્ટીઓનું પણ સ્વાગત કરવામાં આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ. ધોરણ ૧૨ નાં વિદ્યાર્થીએ પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા અને પોતાની યાદગીરીઓના સંભારણા તાજા કર્યા હતા. શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા સુંદર નૃત્ય સંગીત,ગાયન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ઉત્સાહભેર સૌએ ભાગ લીધો હતો.

ટ્રસ્ટીશ્રીઓ અને શિક્ષકોએ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની શુભેચ્છાઓ પાઠવી હતી અને સમાજ ઉપયોગી કાર્ય કરવાની શિખામણ આપી હતી. સાથે સાથે વિવિધ ક્ષેત્રોમાં શાળામાં પ્રથમ ક્રમે આવેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો અને એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ સાથે ભોજન નો આનંદ માણી ભારે હૈયે સૌએ શાળામાંથી વિદાય લીધી હતી.

# નાના માનવીને પણ શ્રેષ્ઠ સારવાર સુવિધા માટે સરકાર પ્રતિબધ્ધ

ગાંધીનગર, તા.૦૫

મુખ્યમંત્રીશ્રીએ કિડનીના રોગના દર્દીઓને જરૂરિયાતના સમયે નજીકના સ્થળે ડાયાલિસિસ સુવિધા મળી રહે તે માટે દરેક તાલુકામાં 'વન નેશન - એવન ડાયાલિસિસ' અન્વયે ડાયાલિસિસ સેન્ટર્સ કાર્યરત હોવાની પણ ભૂમિકા આપી હતી. એટલું જ નહીં કેન્સરના રોગીઓ માટે જિલ્લાઓમાં કિમો થેરાપી કેન્દ્રો પણ શરૂ કરાયાં છે, એમ તેમણે કહ્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે સમાજમાં નાની વયના લોકોમાં પણ કેન્સર, હૃદય રોગ, ડાયાબિટીસ જેવી બીમારીઓના વધતા પ્રમાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, ખેતીમાં રાસાયણિક ખાતરો - દવાઓના ઉપયોગને અટકાવી પ્રાકૃતિક ખેતીને વધુ વ્યાપક બનાવવી પડશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આત્મનિર્ભરતા સાથે ભાવિ પેઢી તંદુરસ્ત, રોગ મુક્ત રાખવા પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહનનું આહવાન કર્યું છે તેનો વિશેષ ઉલ્લેખ મુખ્યમંત્રીશ્રીએ કર્યો હતો. ગુજરાતમાં ત્રણ લાખ જેટલા ખેડૂતોએ રાજ્યપાલશ્રીની પ્રેરણા - માર્ગદર્શનમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દેશના અમૃતકાળમાં નિરોગી નિરામય ગુજરાતથી આત્મનિર્ભર -



વિકસિત ભારત માટે પ્રાકૃતિક ખેતી માટે પ્રેરક આહવાન પણ કર્યું હતું. આ આરોગ્યધામના લોકાર્પણ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતાં રાજ્યસભાના સાંસદ અને મણીબેન હીરાલાલ અમીન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, આજે લોકાર્પણ થયેલ આ આરોગ્યધામમાં અસલાલી અને આજુબાજુના ગામોના ગ્રામજનો માટે ફિઝિયોથેરાપી સેન્ટર, પેથોલોજી લેબોરેટરી, કન્સલ્ટિંગ ડોક્ટરની સેવાઓ અને જુદા જુદા રોગોના ડોક્ટરો દ્વારા દર્દીઓનું નિદાન, કાઉન્સેલિંગ સેન્ટર, જેનેરીક દવાની દુકાન સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હશે એમ તેમણે ઉમેર્યું હતું. અસલાલી ગામના વિકાસકાર્યો વિશે વાત કરતાં શ્રી નરહરિ અમીને જણાવ્યું હતું કે, સંસદસભ્ય તરીકે સાંસદ આદર્શગ્રામ યોજના હેઠળ મારા દ્વારા અસલાલી ગામને દત્તક લેવામાં આવેલ છે. ગામમાં વિવિધ વિકાસકાર્યો માટે ?૨૬ લાખ જેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

# ઉનાળાના પ્રારંભે જ લીંબુના ભાવ ૧૪૦ પાર

## બજારોમાં લીંબુ ૭૦ રૂપિયા કિલોમાં વેચાતા હતા જેનો ભાવ હવે ડબલ

ગાંધી.તા.૦૫

વસંત ઋતુના આગમનની સાથે જ ઉનાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે ત્યારે ગરમી શરૂ થતાની સાથે જ લીલા શાકભાજીના ભાવમાં નોંધપાત્ર વધારો થતા મધ્યમવર્ગીય ગૃહિણીઓનું કિચન બજેટ ખોરવાઈ જવા પામેલ છે. સામાન્ય રીતે ઉનાળા દરમિયાન આરોગ્યવર્ધક ગણાતા લીંબુના શરબતની ચોતરફ ભારે માંગ રહેતી હોય છે. લોકો ઉનાળાની ગરમીથી રાહત મેળવવા અને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક એવા લીંબુનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે. શરીરમાં કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે અને ખાસ કરીને તડકો કે ગરમીને લીધે તબિયત ખરાબ ન થાય તે માટે લીંબુનો સૌથી વધુ ઉપયોગ કરતા હોય છે. ઉનાળાની શરૂઆત થતાની સાથે જ લીંબુનો ભાવ ત્રણ ગણો વધી ગયો હોવાનું સામે આવ્યું છે જેને લઈને ગૃહીઓના બજેટ પર ઉનાળાની શરૂઆતમાં અસર થતી જોવા મળી રહી છે. વર્તમાન સમયમાં લીંબુના ત્રણ ગણા ભાવ વધારાને લઈને ગૃહિણીઓએ જણાવ્યું છે કે, થોડા દિવસ પહેલા જ લીંબુનો ભાવ રૂપિયા ૭૦ હતો. પરંતુ ઉનાળાની શરૂઆત થતાની સાથે જ લીંબુનો ભાવ ડબલ રૂપિયા ૧૪૦ રૂપિયા સુધી પહોંચી ગયો હોવાનું સામે આવ્યું છે. ભાવ વધારાને લઈને ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનું પણ ગૃહિણીઓએ જણાવ્યું છે. ત્યારે ભાવ વધારાની અસર તેમના સંપૂર્ણ બજેટ પર પડી રહી છે - ગૃહિણીઓ લીંબુનો ભાવ ડબલઃ લીંબુમાં આવેલા બે ગણા ભાવ વધારાને લઈને વેપારી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ વર્ષે ઉનાળાની શરૂઆતમાં જ લીંબુનો ભાવ ડબલ થયો છે. જેમાં લીંબુની



આવક ઓછી હોવાથી તેમજ પૂરતો મોલ આવ્યો ના હોવાને લઈને હરાજીની અંદર પણ ભાવ લીંબુની આવક ઓછી જોવા મળે છે. ઓછી આવક હોવાને લઈને હરાજીમાં પણ લીંબુનો ભાવ વધારે બોલાતા હોવાનું જણાવ્યું છે. હજી ભાવ વધારો થશેઃ આ સાથે જ થોડા દિવસ પહેલા જે રીતે લીંબુનો ભાવ રૂપિયા ૭૦ હતો તે હાલ રૂપિયા ૧૪૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. વેપારીના જણાવ્યા પ્રમાણે ઉનાળાની સિઝનની અંદર આવનાર દિવસોમાં હજુ પણ ભાવ વધારો યથાવત રહેશે. હજુ પણ ભાવ વધારો થશે તેવું પણ જણાવ્યું છે. ભાવ વધારાને લઈને વેપારીઓના વેપાર પર અને ગૃહિણીઓના બજેટ પર અસર પડી રહી હોવાનું સામે આવ્યું છે. જોકે, હજુ તો ઉનાળો શરૂ થયો નથી એ સમયે આવા હાલ છે તો આવનારા દિવસોમાં ભાવ હજું પણ ખિસ્સાને દઝાડશે એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

**લીંબુના ભાવ રૂપિયા ૧૦૦ને પાર :**

સામાન્ય રીતે ઉનાળામાં લીંબુનો વપરાશ વધુ થતો હોય છે. પરંતુ આ વર્ષે ઉનાળાની શરૂઆત થાય તે પહેલાં જ લીંબુનો સ્વાદ ખાટો નહીં પણ કડવો બની ચૂક્યો છે. કારણ કે બજારમાં લીંબુની આવક ઓછી થઈ છે જેની સામે માંગમાં વધારો થયો છે. જેને કારણે લીંબુના ભાવ બમણા થઈ ચૂક્યા છે. વેપારીઓનું કહેવું છે કે, બજારમાં લીંબુની આવક ઓછી અને માંગમાં વધારો થતા હજુ પણ લીંબુ ના ભાવ વધશે. ગરમી પહેલા જ ડબલ એન્જીન સરકારમાં લીંબુ ગૃહિણીઓનું બજેટ ખોરવી નાખશે તેવુ જોવા મળી રહ્યું છે. કારજાળ ગરમીઃ ઉનાળાની સિઝનમાં લોકો સૌથી વધુ લીંબુનું સેવન કરતાં અને ઠંડા પીણા તેમજ ઉનાળામાં પડી રહેલ કાળઝાળ ગરમી અને તડકાની સામે રક્ષણ મેળવવા લીંબુના રસનું સેવન કર્તા હોય છે. ઉનાળાની સીઝનમાં કોઈપણ બીમારી કે શરીરનું સ્વાસ્થ્ય બગડે નહીં તે માટે લીંબુનું સેવન કરતાં વધુ પડતા જોવા મળે છે. જેમાં ઉનાળાની કાળઝાળ ગરમી કે પછી તડકાથી રાહત મેળવવા લોકો લીંબુ તેમજ ઠંડા પીણામાં લીંબુનો વધુ પડતો ઉપયોગ કરતા જોવા મળે છે. ઉનાળાની શરૂઆતમાં જ લીંબુનો ભાવ ૧૪૦ રૂપિયા સુધી પહોંચ્યો છે ત્યારે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું હોવાનું સામે આવ્યું છે.